**કેસ પ્રાપ્તિ તારીખ :- ૩૦-૦૩-૨૦૧૫**
**કેસ રજી. તારીખ :- ૩૦-૦૩-૨૦૧૫**
**કેસ ફેસલ તારીખ :- ૨૭-૦૨-૨૦૧૮**
**અવધિ :- વર્ષ- માસ- દિવસ**

# મે. સુરતના મુખ્ય સેશન્સ જજ સાહેબની કોર્ટમાં

**સેશન્સ કેસ નં.૧૧૬/૧૫**
**આંક-**

**ફરીયાદીઃ-** સરકારશ્રી

વિરૂધ્ધ

**આરોપી:-** શેખ નિશાર અહેમદ ઉર્ફે નિશાર લાઇટવાલા
રહે. ઘર નં.૩/૩૦૩૩,અકબર સઇદનો ટેકરો,
રૂસ્તમપુરા પોલીસ ચોકી પાછળ,સુરત.

---

**કેસ પ્રાપ્તિ તારીખ :- ૦૪-૦૫-૨૦૧૫**
**કેસ રજી. તારીખ :- ૦૪-૦૫-૨૦૧૫**
**કેસ ફેસલ તારીખ :- ૨૭-૦૨-૨૦૧૮**
**અવધિ :- વર્ષ- માસ- દિવસ**

**સેશન્સ કેસ નંબર : ૧૫૭/૨૦૧૫**

**ફરીયાદી :-** ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિરૂધ્ધ.**

**આરોપીઓ :-** (૧) સમીર બસીર શેખ
(૨) સાકીર બસીર શેખ
(૩) શેખ બસીર શેખ નજીર શેખ
ત્રણે રહે. ઘર નં.૨/૫૦૨૧,
અકબર સઇદનો ટેકરો,
રૂસ્તમપુરા પોલીસ ચોકી પાછળ,સુરત.

---

**<u>તહોમત</u>  :- <u>ઈ.પી.કો.કલમ- ૩૦૭,૩૨૪,૩૨૩,૫૦૬(૨) ૧૧૪, ૧૮૮ મુજબ</u>**

**ફરીયાદી તર્ફે** :- વિ.એ.પી.પી.કુ.આર.જી.પારેખ
**આરોપીઓ તર્ફે** :- વિ.વ.શ્રી જી.આઇ.દેસાઇ

------------------------------------------

## -:: <u>ચુકાદો</u> ::-

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ સલાબતપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ-ગુના રજીસ્ટર્ડ નં.૧૬૫/૨૦૧૩,ઈ.પી.કો.કલમ-૩૦૭,૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪,૧૮૮ મુજબનો ગુનો તા.૦૨.૦૯.૨૦૧૩ ના રોજ નોંધાયેલ છે. સદર ગુનાના તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે તા.૦૨.૧૨.૧૩ ના રોજ જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(પ્રથમ કોર્ટ), સુરતશ્રીની કોર્ટમાં રજુ થતાં તેને ફોજદારી કેસ નં.૬૬૮૬૯/૧૩ થી રજીસ્ટર્ડ કરી, ત્યાર બાદ જયુડી.મેજી.ફ.ક. (પ્રથમ કોર્ટ) સુરતશ્રીએ તેઓના તા.૩૦.૦૭.૧૪ ના રોજના હુકમથી કેસ સેશન્સ કમીટ કરતાં, સદર કેસને સેશન્સ કેસ નં. ૧૫૭/૧૫ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યાર બાદ આ ગુનાના અન્ય આરોપી શેખ નિશાર અહેમદ ઉર્ફે નિશાર લાઇટવાળા શેખ નજીરનુ પુરવણી ચાર્જશીટ તા.૧૯.૦૨.૧૪ ના રોજના રજુ કરેલ, ઉપર મુજબનું ચાર્જશીટ જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(પ્રથમ કોર્ટ), સુરતશ્રીની કોર્ટમાં રજુ થતાં તેને ફોજદારી કેસ નં.૧૫૨૧૫/૧૪ થી રજીસ્ટર્ડ કરી, ત્યાર બાદ જયુડી.મેજી.ફ.ક.(પ્રથમ કોર્ટ) સુરતશ્રીએ તેઓના તા.૩૦.૦૭.૧૪ ના રોજના હુકમથી કેસ સેશન્સ કમીટ કરતાં, સદર કેસને સેશન્સ કેસ નં.૧૧૬/૧૫ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ.

(૨) સદર ગુનાની હકીકત એવી છે કે, આરોપીઓએ છ એક મહીના પહેલા દરગાહ પાસે બાકડો (બેંચ) રાખવા બાબતેના ઝઘડા-તકરારની અદાવત રાખી, એકબીજાને મદદગારી કરી, મહોલ્લામાં મસ્જીદ પાસે તા.૦૨.૦૯.૨૦૧૩ ના સવારના કલાક ૧૦.૩૦ થી ૧૧.૦૦ વાગેના સુમારે ફરીયાદીના ભાઈ સાહેદ

નં.૨૫ ના મિત્ર સાહેદ નં.૨૬ ની સાથે આરોપી નં.૧ સમીર નાએ ઝઘડો–તકરાર કરતા ફરીયાદીનો ભાઈ સાહેદ નં.૨૫ નાઓ છોડાવવા વચ્ચે પડતાં આરોપી નં.૧ સમીરે "તુમ દોનો કો છોડુંગા નહી, માર ડાલુંગા, મેં અભી આતા હું" તેમ કહી, પોતાના ઘરે જઇ પોતાના પિતા આરોપી નં.૩ શેખ બસીર નાઓની સાથે પોતાના હાથમાં ચપ્પુ લાવી, ફરીયાદીના ભાઇ સાહેદ નં.૨૬ નાઓને જીવલેણ ઘા મારી, તેવામાં આરોપી નં.૨ સાકીર શેખ નાએ હાથમાં ચપ્પુ લઇને આવી સાહેદ નં.૨૬ નાઓને જીવેલણ ઘા મારવા લાગેલ અને ધમકીઓ આપેલ અને સાહેદ નં.૨૪ તથા ૨૬ નાઓને બચાવવા પડતા, સાહેદ નં.૨૩ નાઓને કપાળના ભાગે આરોપી શેખ નિશાર અહેમદ ઉર્ફે નિશાર લાઇટવાલાએ ફટકો મારી ઈજા કરી મે. પોલીસ કમિશ્નરશ્રી ના જાહેરનામાનો ભંગ કરી તમો આરોપીઓએ ઇ.પી.કો. કલમ–૩૦૭,૩૨૪, ૩૨૩, ૫૦૬ (૨) ૧૧૪,૧૮૮ મુજબનો ગુનો કરેલ છે.

(૩) આ કામના આરોપીઓ પૈકી સમીર બસીર શેખ, સમીર બસીર શેખનાઓની તા.૦૩.૦૯.૧૩ તથા શેખ બસીર અહેમંદ શેખ નજીરની તા.૦૪.૦૯.૧૩ ના રોજ તેમજ શેખ નિશાર અહેમદ ઉર્ફે નિશાર લાઇટવાળા શેખ નજીરની તા.૦૧.૦૧.૨૦૧૪ ના રોજ અટક કરવામાં આવેલા. ત્યાર બાદ આરોપીઓ જામીન મુકત થયેલ છે.

(૪) આ કામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૭૩(૫) મુજબ આરોપીઓને પોલીસ તપાસના તમામ કાગળો આપવામાં આવેલાં છે, અને તે મળ્યા બદલની ખાતરી કરવામાં આવેલ છે.

(૫) ઉપરોકત ગુના અન્વયેનુ તહોમતનામુ અત્રેની કોર્ટે તા.૨૭.૦૨.૧૭ ના રોજ આંક–૬ થી આરોપીઓ વિરૂઘ્ધ ફરમાવેલ છે. આરોપીઓએ તહોમતનામુ સમજીને, સાંભળ્યા બાદ સદર તહોમતનામા અન્વયેના ગુનાનો ઇન્કાર કરી, કામ આગળ ચલાવવાની માંગણી કરતાં ફરીયાદ પક્ષ તર્ફે નીચે મુજબનો

પુરાવો રજુ થયેલ છે.

## –:: મૌખિક પુરાવો ::–

| અ.નં. | નામ | આંક |
|---|---|---|
| ૧. | અબ્દુલ ગફાર શેખ ગ્યાસુદ્દીન | ૧૧ |
| ૨. | અશરફભાઈ ગુલસેખાન પઠાણ | ૧૩ |
| ૩. | નૌશીરખાન પઠાણ | ૧૪ |
| ૪. | સમસુદ્દીન ગ્યાસુદ્દીન શેખ | ૧૬ |
| ૫. | અબ્દુલ સતાર શેખ | ૧૭ |
| ૬. | શેખ ઐયુબ ગુલામ શેખ | ૧૯ |
| ૭. | રેહાનાબાનુ ઈકબાલખાન  પઠાણ | ૨૧ |
| ૮. | ઝહીરખાન બસીરખાન | ૨૩ |
| ૯. | નસીરબાનુ અશરફખાન પઠાણ | ૨૫ |
| ૧૦. | સુલતાનાબી ઈસુફખાન | ૨૬ |
| ૧૧. | હસુભાઈ વજાભાઈ ચૌધરી | ૨૭ |
| ૧૨. | રાજેન્દ્રભાઈ દિનેશભાઈ ચૌહાણ | ૨૯ |
| ૧૩. | મહેશભાઈ કાળુભી પટેલ | ૩૦ |
| ૧૪. | ખેંગારજી ચતુરજી રાજપૂત | ૩૨ |
| ૧૫. | વિનય હરીશભાઈ શુકલ | ૪૦ |

## –:: દસ્તાવેજી પુરાવા ::–

| અ.નં. | નામ | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૨ |
| ૨. | ઈજા પામનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૧૫ |
| ૩. | આરોપી સમીરનુ અટક પંચનામુ | ૧૮ |
| ૪. | આરોપી બસીરનુ ડિસ્કવરી પંચનામુ | ૨૦ |
| ૫. | ફરીયાદી | ૨૨ |
| ૬. | સ્મીમેર હોસ્પીટલ પરથી આવેલ પ્રથમ ટેલીફોન વર્ધી | ૨૮ |
| ૭. | નિશાર અહેમદનુ અટક પંચનામુ | ૩૩ |

| | | |
|---|---|---|
| ૮. | એફ.એસ.એલ.ની પહોંચ | ૩૪ |
| ૯. | એફ.એસ.એલ.ની પહોંચ | ૩૫ |
| ૧૦. | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર અને બાયોલોજી રિપોર્ટ | ૩૬ |
| ૧૧. | એફ.એસ.એલ.નો સિરોલોજી રિપોર્ટ | |
| ૧૨. | સુચિપત્ર | ૪૧ |
| ૧૩. | આરોપી શેખ બસીરનુ અટક પંચનામુ | ૪૨ |
| ૧૪. | આરોપી બસીરનુ મુદ્દામાલ અંગેનુ પંચનામુ | ૪૩ |
| ૧૫. | એફ.એસ.એલ.નો પ્રાથમિક અહેવાલ | ૪૪ |
| ૧૬. | મો.હુસેનનુ સ્મીમેર હોસ્પીટલનુ સર્ટી. | ૪૫ |
| ૧૭. | શેખ સાદીક ગફ્ફારનુ સ્મીમેર હોસ્પીટલનુ સર્ટી. | ૪૬ |
| ૧૮. | હેલીમાં હોસ્પીટલનુ શેખ સાદ્દીકનુ સર્ટી. | ૪૭ |
| ૧૯. | આરોપી સમીર શેખનુ MLC સર્ટી | ૪૮ |
| ૨૦. | સાકીર શેખનુ MLC સર્ટી | ૪૯ |
| ૨૧. | બસીર શેખનુ MLC સર્ટી | ૫૦ |

ફરીયાદ પક્ષ તર્ફે આંક–૫૧ થી પુરાવા બંધનું પુરસીસ આપવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફથી લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનુ વધારાનુ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે. સોગંદ ઉપર જુબાની આપવી નથી, બચાવના સાહેદ તપાસવા નથી, તેમ જણાવી વિશેષ જવાબમાં આરોપીઓએ જણાવેલ છે. કે, તેઓ નિર્દોષ છે, પાછળથી તદૃન ખોટી રીતે સંડોવી દિધેલ છે, ખોટા પુરાવા ઊભા કરી, ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૭) ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.કુ.આર.જી.પારેખ તથા આરોપીઓ તર્ફે વિ.વ. શ્રી જી.આઇ.દેસાઇએ દલીલો સાંભળી. વિ.એ.પી.પી.કુ.આર.જી.પારેખે રેકર્ડ

મુજબ દલીલ કરી રજુઆત કરી આરોપીઓને સજા કરવા વિનંતી કરેલ છે, તે સામે આરોપી તર્ફે વિ.વ.શ્રી જી.આઇ.દેસાઇએ દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષ આરોપીઓ, વિરૂધ્ધનુ તહોમત પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ વિરૂધ્ધનો ગુનો સાબીત કરવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે. કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ છ એક મહીના પહેલા દરગાહ પાસે બાકડો (બેંચ) રાખવા બાબતેના ઝઘડા-તકરારની અદાવત રાખી, એકબીજાને મદદગારી કરી, મહોલ્લામાં મસ્જીદ પાસે તા.૦૨.૦૯.૨૦૧૩ ના સવારના કલાક ૧૦.૩૦ થી ૧૧.૦૦ વાગેના સુમારે ફરીયાદીના ભાઈ સાહેદ નં.૨૫ ના મિત્ર સાહેદ નં.૨૬ ની સાથે આરોપી સમીંરે ઝઘડો-તકરાર કરતા,ફરીયાદીનો ભાઈ સાહેદ નં.૨૫ નાઓ છોડાવવા વચ્ચે પડતાં આરોપી સમીંરે "તુમ દોનો કો છોડુંગા નહી, માર ડાલુંગા, મેં અભી આતા હું" તેમ કહી,પોતાના ઘરે જઇ પોતાના પિતા આરોપી શેખ બસીરની સાથે પોતાના હાથમાં ચપ્પુ લાવી, ફરીયાદીના ભાઇ સાહેદ નં.૨૬ ને જીવલેણ ઘા મારતાં, તેવામાં આરોપી સાકીર શેખ નાએ હાથમાં ચપ્પુ લઈ આવી સાહેદ નં.૨૬ને જીવેલણ ઘા મારવા લાગેલ અને ધમકીઓ આપેલ અને સાહેદ નં.૨૪ તથા ૨૬ નાઓને બચાવવા પડેલ સાહેદ નં.૨૩ નાઓને કપાળના ભાગે આરોપી શેખ નિશાર અહેમદ ઉર્ફે નિશાર લાઇટવાલાએ ફટકો મારી ઈજા કરી આરોપીઓએ ઇ.પી.કો.કલમ-૩૦૭,૩૨૪,૩૨૩,૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કર્યો છે?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે. કે, આરોપીઓએ બનાવની તારીખે, સમયે અને સ્થળે ચપ્પુ તથા ફટકો ધારણ કરી મે. પોલીસ કમિશ્નરશ્રી, સુરતના હથીયારબંધીના જાહેરનામા નો ભંગ કરી પકડાઇ જઇ ઇ.પી.કો.કલમ–૧૮૮ મુજબની શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓની નિર્ણય નીચે જણાવેલ વિગતવાર કારણોસર નીચે મુજબ આપવામાં આવે છે.

(૧) નકારમાં

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નં.૧–૨.</u>**

મુદ્દા નં.૧,૨ એકબીજા સાથે સંકળાયેલા હોઇ,સરળતા ખાતર બંન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવી જરૂરી હોઇ, બંન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરેલ છે.

(૧૦) ફરીયાદ પક્ષે, આરોપીઓ વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ છ એક મહીના પહેલા દરગાહ પાસે બાકડો (બેંચ) રાખવા બાબતેના ઝઘડા–તકરારની અદાવત રાખી, એકબીજા ને મદદગારી કરી, મહોલ્લામાં મસ્જીદ પાસે તા.૦૨.૦૯.૨૦૧૩ ના સવારના કલાક ૧૦.૩૦ થી ૧૧.૦૦ વાગેના સુમારે ફરીયાદીના ભાઈ સાહેદ નં.૨૫ ના મિત્ર સાહેદ નં.૨૬ ની સાથે આરોપી સમીરે ઝઘડો–તકરાર કરતા,ફરીયાદીનો ભાઈ સાહેદ નં.૨૫ નાઓ છોડાવવા વચ્ચે પડતાં આરોપી સમીરે "તુમ દોનો કો છોડુંગા નહી, માર ડાલુંગા, મેં અભી આતા હું" તેમ કહી,પોતાના ઘરે

જઈ પોતાના પિતા આરોપી શેખ બસીરની સાથે પોતાના હાથમાં ચપ્પુ લાવી, ફરીયાદીના ભાઈ સાહેદ નં.૨૬ ને જીવલેણ ઘા મારતાં, તેવામાં આરોપી સાકીર શેખ નાએ હાથમાં ચપ્પુ લઈ આવી સાહેદ નં.૨૬ને જીવેલણ ઘા મારવા લાગેલ અને ધમકીઓ આપેલ અને સાહેદ નં.૨૪ તથા ૨૬ નાઓને બચાવવા પડેલ સાહેદ નં.૨૩ નાઓને કપાળના ભાગે આરોપી શેખ નિશાર અહેમદ ઉર્ફે નિશાર લાઈટવાલાએ ફટકો મારી ઈજા કરી તેમજ પોલીસ કમિશ્નરશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, એકબીજાને મદદગારીમાં ગુનો કરેલ છે. જે તમામ વિગત નિઃશંકપણે સાબીત થવી જરૂરી છે. ફરીયાદ પક્ષ તરફથી જયારે આ પ્રમાણનો આક્ષેપ છે, ત્યારે સૌ પ્રથમ આ માટે અગત્યના અને મહત્વના સાહેદ એવા આંક–૨૨ ની ફરીયાદના ફરીયાદી કે જેઓએ પી.આઈ.શ્રી સલાબતપુરા પોલીસ સ્ટેશન, સુરત રૂબરૂ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત મુજબના આક્ષેપોવાળી ફરીયાદ આપેલ છે, તેવા આ કામના ફરીયાદી રેહાનાબાનુ ઈકબાલખાન પઠાણને સાહેદ નં.૭ તરીકે આંક–૨૧ થી તપાસેલ છે, તેઓનો પુરાવો વંચાણે લેતાં ફરીયાદી સાહેદ તેમના મહોલ્લામાં તેમના ઘર પાસે કોઈ ઝઘડો કે મારામારી થયેલ હોવાનુ, તેમના ભાઈને કોઈ વ્યકિતએ ચપ્પુ મારેલ હોવાનુ અને તેઓએ તે નજરે જોયેલ હોવાનુ અને પોલીસમાં તેઓએ કોઈ ફરીયાદ આપેલ હોવાનુ માનેલ નથી, ફકત કાગળમાં સહી કરેલાનુ માનેલ છે, તેના લખાણની ખબર ન હોવાનુ કહી ની.૧૦/૩ ની ફરીયાદ કોર્ટ રૂબરૂ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવી સદર ફરીયાદ આંક–૨૨ થી તેમના પુરાવા દરમ્યાન રજુ રાખેલ છે. ફરીયાદી સાહેદે પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલ હોવાનુ પણ માનેલ નથી અને આરોપીઓને કોર્ટ રૂબરૂ આરોપીઓ મહોલ્લામાં રહેતા હોવાથી ઓળખી બતાવેલ છે તે સિવાય તેઓ કશુ જાણતા ન હોય, ફરીયાદ હકીકત માનેલ નહી અને ફરીયાદ હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કર્યા બાદ પણ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી.

આ સાહેદની ઉલટતપાસ આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી જી.આઇ.દેસાઇએ લીધેલ છે, તેમાં જણાવેલ છે કે, નિસારભાઈ લાઈટવાલા સાથે તેઓને પહેલેથી જ સારા સંબંધો હતા, સાહેદે કોર્ટમાં પુરાવો આપ્યો ત્યારે પણ સારા સંબંધો ચાલી આવેલા, તેમના ઘરના થોડે દૂર એક્સીડેન્ટ થયેલ ત્યાં ૨૦૦ જેટલા માણસો ભેગા થઈ ગયેલ તે દરમ્યાન સાદીક, મોહસીન અને મહંમદ હુસેનને ઈજા થયેલી. એક્સીડેન્ટ થયેલો તે બાબતની ફરીયાદ હતી બધા મહોલ્લાના ભેગા થઈ ગયેલા અને કોઈક ફરીયાદ ઉપર મારી સહી લેવામાં આવેલી, તેમાં શું લખેલું હતું તે સમયે મને માહિતી ન હતી.

આમ, અગત્યના અને મહત્વના સાહેદ એવા ફરીયાદી પોતે આંક–૨૨ ની ફરીયાદ હકીકત સ્વીકારતા નથી. ફરીયાદના કથન સ્વીકારતા નથી, આરોપીઓએ ચપ્પુ અને ફટકાથી તેમના ભાઈ તથા સાહેદોને ઈજા પહોચાડેલાનુ સ્વીકારતાં નથી. ઉલ્ટાનુ અગત્યના અને મહત્વના સાહેદ એવા ફરીયાદીએ, આરોપી તર્ફેની ઉલટ તપાસમાં આરોપી નિસાર સાથે સારા સંબંધો હોવાનુ જણાવી, તેમના ઘરથી થોડી દૂર એકસીડન્ટમાં ઈજા પામનારને ઈજા થયેલાનુ જણાવી, ફરીયાદ પણ એકસીડન્ટ બાબતની હતી અને બધા મહોલ્લાના ભેગા થઇ ગયેલા અને કોઇક ફરીયાદ ઉપર તેમની સહી લેવામાં આવેલાનુ ફરીયાદીએ માનેલ છે. પરંતુ શું લખેલ હતુ તેની તે સમયે તેઓને માહીતી ન હોવાનુ જણાવેલ છે.

આમ, આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો અગત્યના અને મહત્વના સાહેદ જ જ્યારે પોતાની ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલ હોવાનુ ફલીત થતુ નથી.

(૧૧) ફરીયાદ પક્ષે નસરીનબાનુ અશરખાન પઠાણ સાહેદ નં.૯ ને આંક–૨૫ થી તપાસેલ છે, તેઓનો પુરાવો વંચાણે લેતાં આ સાહેદના પતિ, દિયર અને નણંદને ઈજા થયેલ હોય તેવુ બનેલ ન હોવાનુ કહી કોણ કોઇ મારામારી કરતુ

હતુ તેની સાહેદને ખબર ન હોવાનુ જણાવી ફરીયાદ હકીકતને તથા તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ બનાવની હકીકતને તથા તેમના નિવેદનની હકીકતને સમર્થનકારી કોઇ હકીકત માનેલ નથી, અને ફકત આરોપીઓ તેમના મહોલ્લામાં રહેતા હોવાથી ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ અગત્યના અને મહત્વના સાહેદ છે, નજરે જોનાર સાહેદ છે, બનાવમાં તેમના પતિ, દિયર તથા નણંદને ઈજા થયેલ હોવાનુ જણાય આવે છે છતાં આ સાહેદે બનાવની હકીકત તેમજ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકત માનેલ નથી. જેથી આ સાહેદનો પુરાવો પણ આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેમ નથી.

(૧૨) તેવી જ રીતે સુલતાનાબી ઈસુફખાન સાહેદ નં.૧૦ ને આંક-૨૬ થી તપાસેલ છે. આ સાહેદ પણ ફરીયાદ હકીકતને તથા પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ બનાવની હકીકતને તથા તેમના નિવેદનની હકીકતને સમર્થનકારી કોઇ હકીકત માનેલ નથી. જેથી આ સાહેદના પુરાવાથી પણ આરોપીઓએ આ ગુનો આચરેલ હોવાનુ ફલીત થતુ નથી.

(૧૩) ફરીયાદ પક્ષે અબ્દુલ ગફાર શેખ ગ્યાસુદ્દીન સાહેદ નં.૧ ને આંક-૧૧ થી તથા અશરફભાઈ ગુલસેખાન પઠાણ સાહેદ નં.૨ ને આંક-૧૩ થી તપાસેલા છે. આ બંન્ને સાહેદો ગુનાવાળી જગ્યાના પંચસાહેદો છે, તેઓનો પુરાવો વંચાણે લેતાં કોઇ બેને બનાવવાળી જગ્યા બતાવેલ હોવાનુ કે બનાવવાળી જગ્યાએ તેઓને જવાનુ થયેલ હોવાનુ માનેલ નથી, ફકત તેઓ સલાબતપુરા પો.સ્ટે. ગયેલા હોવાનુ અને ત્યાં લખાણવાળા કાગળ ઉપર આ બંન્ને પંચ સાહેદોની

સહીઓ લીધેલાનુ કહી ફકત આંક–૧૪ ના પંચનામામાં પોતાની સહીઓ કબુલ રાખેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સાહેદોને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતા પંચનામાની હકીકતને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી.

આમ, આ બંન્ને પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૨ નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૪) ફરીયાદ પક્ષે નૌશીરખાન પઠાણ સાહેદ નં.૩ ને આંક–૧૪ થી તથા સાહેદ નં.૪ સમસુદ્દીન ગ્યાસુદ્દીન શેખને આંક–૧૬ થી તપાસેલા છે. આ બંને સાહેદો ઈજા પામનારના કપડા કબજે કર્યાના પંચનામાનાં પંચ સાહેદો છે, તેઓનો પુરાવો વંચાણે લેતાં આ બંને સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય ફરી ગયેલા જાહેર કર્યા બાદ પણ આંક–૧૫ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી આ બંન્ને સાહેદોના પુરાવાથી આંક–૧૫ નુ ઈજા પામનારાઓના કપડા કબજે કર્યાનુ પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૫) ફરીયાદ પક્ષે અબ્દુલ સતાર શેખ ને સાહેદ નં.૫ તરીકે આંક–૧૭ થી તપાસેલ છે, આ સાહેદ આરોપી સમીર તથા સાકીરના અટક પંચનામાના પંચ સાહેદ છે, તેઓના પુરાવા મુજબ આ પંચ સાહેદે તેમની હાજરીમાં સલાબતપુરા પો.સ્ટે.માં પોલીસે કોઈ ગુનાના આરોપીઓના નામ–ઠામ પુછી અટક કરેલ હોય અને ગુના સમયના કપડા કબજે કરેલ હોય તેવુ માનેલ નથી, ફકત ની.૧૦/૬ ના પંચનામામાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવી સદર પંચનામુ આંક–૧૮ થી રજુ રાખેલ છે અને આરોપીઓને પો.સ્ટે.માં જોયેલ ન હોવાનુ જણાવી પંચનામાની હકીકતને માનેલ ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતા તેમાં પંચનામાની હકીકતને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી. આ પંચનામાના બીજી પંચ સાહેદને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. જેથી આ સાહેદ

એકલાના પુરાવાથી આંક–૧૮ નુ આરોપીઓનુ અટક પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૬) ફરીયાદ પક્ષે શેખ ઐયુબ ગુલામ શેખને સાહેદ નં.૬ તરીકે આંક–૧૯ થી તપાસેલ છે, આ સાહેદ આરોપી બસીરે હથીયાર કાઢી બતાવ્યાના ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે, તેઓના પુરાવા મુજબ પોલીસે સહી કરવાનુ કહેતા સહી કરેલાનુ અને તેમની હાજરીમાં કોઇ ગુનાના આરોપીએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોવાનુ અને તે જગ્યાએથી કોઇએ હથીયાર કાઢી આપેલ હોય અને પોલીસે તપાસ અર્થે કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોવાનુ કહી ફકત ની.૧૦/૧૦ ના પંચનામામાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવી સદર પંચનામુ આંક–૩૦ થી રજુ રાખેલ છે અને આરોપીને અગાઉ જોયેલ ન હોવાનુ તેમજ પોલીસ સ્ટેશનમાં કોઇ ચીજ વસ્તુ, ચપ્પુ વિગેરે જોયેલ ન હોવાનુ જણાવી, પંચનામાની હકીકતને માનેલ ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતા તેમાં પંચનામાની હકીકતને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી. આ પંચનામાના બીજા પંચ સાહેદને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. જેથી આ સાહેદ એકલાના પુરાવાથી આંક–૨૦ નુ ડિસ્કવરી પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૭) ફરીયાદ પક્ષે ઝહીરખાન બસીરખાનને સાહેદ નં.૮ તરીકે આંક–૨૩ થી તપાસેલ છે, આ સાહેદ આરોપી સમીરે ચપ્પુ કાઢી બતાવ્યાના ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે, તેઓના પુરાવા મુજબ સલાબતપુરા પોલીસે બોલાવેલા, તેઓની હાજરીમાં કોઇ આરોપીએ હથીયાર તેના ઘરમાંથી કાઢીને પોલીસમાં રજુ કરેલ હોય અને પોલીસે તપાસ અર્થે કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોવાનુ કહી ફકત ની.૧૦/૭ ના પંચનામામાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવી સદર પંચનામુ આંક–૨૪ થી રજુ રાખેલ છે. પરંતુ પંચનામાની હકીકતને માનેલ ન હોય ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી

વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા તેમાં પંચનામાની હકીકતને સમર્થનકારી કોઇ હકીકત જણાવેલ નથી. આ પંચનામાના બીજી પંચ સાહેદને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. જેથી આ સાહેદ એકલાના પુરાવાથી આંક-૨૪ નુ ડિસ્કવરી પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૮) સાહેદ નં.૧૧, હસુભાઈ વજાભાઈ ચૌધરીને આંક-૨૭ થી તપાસેલા છે. તેઓનો પુરાવો વંચાણે લેતાં સપ્ટેમ્બર-૨૦૧૩ માં તેઓ સલાબતપૂરા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે પી.એસ.ઓ.ની ફરજ ઉપર હતા, તે દરમ્યાન તા.૦૨.૦૯.૨૦૧૩ નાં રોજ કલાક ૧૪-૦૦ થી ૨૦-૦૦ સુધી તેઓ તેમની ફરજ ઉપર હતા, ત્યારે સ્મીમેર હોસ્પિટલમાંથી ડૉ. આનંદભાઈએ કલાક ૧૫-૧૦ વાગે ટેલિફોન વર્ધી લખાવેલ, તે વર્ધી તેઓએ લખી લઈ, તેમના ઈન્વે. પી.એસ.આઈ. શ્રી આર.ડી.ચૌહાણને જાણ કરેલ અને તે લેખિત વર્ધી આપી, શ્રી આર.ડી.ચૌહાણને આગળની તપાસ માટે હોસ્પિટલ રવાના કરેલાનુ જણાવી ની.૧૦/૧ વાળી ટેલીફોન વર્ધીમાં તેમની સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવી સદર ટેલીફોન વર્ધી આંક-૨૮ થી તેમના પુરાવા દરમ્યાન રજુ રાખેલ છે.

આ સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ કામમાં તેઓએ ટેલીફોન વર્ધી નોંધવા સિવાય કોઇ અન્ય કાર્ય કરેલ નથી.

આમ, આ સાહેદના પુરાવાથી તેઓએ ફકત સ્મીમેર હોસ્પિટલમાંથી ડૉ. આનંદભાઈએ કલાક ૧૫-૧૦ વાગે ટેલિફોન વર્ધી લખાવેલ, તે વર્ધી લખી લઈ, તેઓએ તેની ટેલિફોન વર્ધી બુકમાં નોંધ કરેલ હોવાનુ ફલીત થાય છે.

(૧૯) સ્મીમેર હોસ્પીટલની ટેલિફોન વર્ધીના આધારે હોસ્પીટલમાં જઇ તપાસ કરનાર પોલીસ અધિકારી રાજેન્દ્ર દિનેશભાઇ ચૌહાણને સાહેદ નં.૧૨ તરીકે આંક-૨૯ થી તપાસેલ છે, તેમના પુરાવા મુજબ તા.૦૨.૦૯.૨૦૧૩ નાં રોજ તેઓ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં પ્રોબેશનલ પી.એસ.આઈ. તરીકે કલાક

૧૪–૦૦ થી કલાક ૨૦–૦૦ સુધી ફરજ ઉપર હાજર હતા અને તેઓ ઈન્વે. પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન તેમના પોલીસ સ્ટેશનનાં પી.એસ.ઓ. એ તેઓને સ્મીમેર હોસ્પિટલથી આવેલ ટેલિફોન વર્ધી નં. ૬૯૨/૨૦૧૩ ની લેખિત વર્ધી સુપ્રત કરેલી અને વધુ તપાસ માટે હોસ્પિટલ જવા જણાંવેલુ. જેથી તે વર્ધીની જાણ સાહેદે તેમના પી.આઈ. શ્રીને કરેલી અને સ્મીમેર હોસ્પીટલ ગયેલાનુ અને પી.આઈ. શ્રીને જાણ કરતા, પી.આઈ. શ્રીએ જણાંવેલ કે, તે વર્ધી બાબતનો ગુનો ઈજા પામનારનાં સગાએ તેમના પોલીસ સ્ટેશનમાં કલાક ૧૨–૨૫ વાગે તેમના યાને પી.આઈ.શ્રી રૂબરૂ ફરીયાદ લખાવેલ છે. તેથી સાહેદ ફક્ત હોસ્પીટલમાં દર્દીને જોઈને પરત આવી ગયેલાનુ જણાવી સાહેદને આંક– ૨૮ વાળી ટેલિફોન વર્ધી કોર્ટ રૂબરૂ બતાવતા તે વર્ધી તેમને સોંપવામાં આવેલ કહી સદર ટેલિફોન વર્ધી ઓળખી બતાવે છે.

આ સાહેદના પુરાવાથી ફકતને ફકત તેઓને ટેલિફોન વર્ધી મળતા સ્મીમેર હોસ્પીટલમાં દર્દીને જોઈ પરત આવેલ છે અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી, ત્યારે આ સાહેદના પુરાવાથી આરોપીઓએ આ ગુનો આચરેલ હોય તેવુ જણાય આવતુ નથી.

(૨૦) ફરીયાદીની ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારી વિનય હરીશભાઈ શુકલને સાહેદ નં.૧૫ તરીકે આંક–૪૦ થી તપાસેલ છે, તેઓના પુરાવા મુજબ તા.૦૨.૦૯.૨૦૧૩ નાં રોજ તેઓ સલાબતૂપરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, તે દરમ્યાન ફરીયાદી રેહાનાબી ઈકબાલ પઠાણનાંએ ફરીયાદ આપેલાનુ, તેની આગળની તપાસ તેઓએ સંભાળેલાનુ તે ફરીયાદ તેઓએ લીધેલાનુ અને પી.એસ.ઓ. ને દાખલ કરવા રીપોર્ટ પણ આપેલાનુ જણાવી તેમણે કરેલ તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો આપી આગળની તપાસ પી.એસ.આઈ. ચરપોટને તેઓએ સોપેલ, અને શ્રી ચરપોટે કરેલ તપાસની વિગત જણાવેલ છે અને ત્યાર બાદ ફરીથી તેમણે તપાસ સંભાળેલ અને તપાસ

દરમ્યાન જે કાર્યવાહી કરેલ તેની વિગત માની બાદમાં આ ગુનાની તપાસ તેઓની બદલી થતા પી.આઇ.શ્રી કે.સી.રાજપૂતે સોંપેલાનુ જણાવી આંક–૨૨ ની ફરીયાદ કોર્ટ રૂબરૂ જોઇ તેમાં ફરીયાદીને અને રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે, તેમજ આંક–૧૨,૧૫,૧૮,૨૪ અને ૨૦ ના પંચનામાઓ કોર્ટ રૂબરૂ જોઇ તેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. તેવી જ રીતે ની.૧૦/૨ ના સૂચિપત્રમાં તેમની સહી ઓળખી બતાવી સદર સૂચિપત્ર આંક–૪૦ થી તેમના પુરાવા દરમ્યાન રજુ રાખેલ છે, ની.૧૦/૮ અને ની.૧૦/૯ ના આરોપીઓના અટક પંચનામા કોર્ટ રૂબરૂ જોઇ તેમા પી.એસ.આઇ.શ્રી ચરપોટની સહી ઓળખી બતાવેલ છે અને તેવા પંચનામાઓ આંક–૪૨ તથા આંક–૪૩ થી રજુ રાખેલ છે, ની.૧૦/૨ વાળો એફ.એસ.એલ.નો પ્રાથમિક અહેવાલ ઓળખી બતાવી આંક–૪૪ થી તથા  ની.૧૦/૧૫ થી ની.૧૦/૨૦ ના મેડીકલ સર્ટી. કોર્ટ રૂબરૂ સાહેદે જોઇ તે તેઓએ તેમની  તપાસ દરમ્યાન કબજે લીધેલાનુ જણાવી તેવા મેડીકલ સર્ટી.ઓ તેમના પુરાવા દરમ્યાન આંક–૪૫ થી આંક–૫૦ સુધીના રજુ રાખી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તથા ફરીયાદીની ફરીયાદ હકીકતનુ તથા સાહેદ સુલતાનાબીના નિવેદનનુ વિગતવાર વિવરણ કરેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી જી.આઇ.દેસાઇએ લીધેલ છે, તેમાં તેઓએ એ હકીકતને ઈન્કારેલ છે કે, ફરીયાદીએ હુમલાખોરોનાં નામ આપેલા નહીં અને તેઓએ જાતે લખી લીધેલા, ઈજા પામનારે પણ તહોમતદારોનાં નામો આપેલા નહીં, પંચનામા દરમ્યાન આરોપીઓએ કોઈ મુદ્દામાલ રજુ કરેલ નહીં, તપાસનાં કામે કોઈ સાહેદોએ આરોપીઓનાં નામ જણાંવેલ નથી, આ કામે ખોટુ ચાર્જશીટ કરેલ છે

સાહેદે ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આ ગુનાનાં કામનો ક્રોસ કેસ પણ તેમના પોલીસ સ્ટેશનમાં રજીસ્ટર થયેલ છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો આ સાહેદના પુરાવાથી તેઓ ફરીયાદ લેનાર અધિકારી તથા મોટા ભાગની તપાસ કરનાર, તપાસ અધિકારી હોવાનુ જણાય આવે છે. જેથી આ સાહેદ સંપૂર્ણપણે રસ ધરાવતા સાહેદ હોય, પોલીસ સાહેદ હોય તેમના પુરાવામાં જણાવેલ વિગત મુજબની તપાસની કાર્યવાહી કરેલ હોવાનુ  ફલીત થાય છે. પરંતુ આ સાહેદ ઈજા પામનારાઓને ગંભીર ઈજા થયેલ સંબંધના તારણ ઉપર કયા દસ્તાવેજી પુરાવા ઉપર કે કયા સાહેદના કથન આધારીત આવેલા તે જણાવેલ નથી અને આરોપીઓએ ઇ.પી.કો.કલમ–૩૦૭ મુજબનો ગંભીર ગુનો કરેલ હોવાના તારણ ઉપર આવી આરોપીઓ વિરૂઘ્ધ તે મુજબની ચાર્જશીટ રજુ કરેલ છે. વધુમાં હાલના સાહેદ ફરીયાદ લેનાર તથા આ ગુનાની મોટા ભાગની તપાસ કરનાર, તપાસ અધિકારી હોય સંપૂર્ણપણે  રસ ધરાવતા સાહેદ છે. જેથી ફરીયાદ હકીકતને અને તેઓની તપાસની કાર્યવાહીને સમર્થન આપે તે સ્વાભાવિક છે. પરંતુ આ સાહેદ એકલાના પુરાવાથી આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલ હોવાનુ અને આરોપીઓએ આ ગુનો આચરેલ હોવાનુ માની શકાય નહી. આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે, આ સાહેદની તપાસની કાર્યવાહી અને  સાહેદના પુરાવાના સમર્થનને ફરીયાદી, પંચ સાહેદો, અન્ય સ્વતંત્ર સાહેદો, નજરે જોનાર સાહેદોના પુરાવાનુ સમર્થન મળવુ જરૂરી, મહત્વનુ અને આવશ્યક છે, જે આ કેસમાં મળેલ નથી. અગત્યના અને મહત્વના સાહેદ એવા ફરીયાદી, નજરે જોનાર સાહેદો, પંચ સાહેદોએ ફરીયાદ હકીકતને અને પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી, જેથી આ સાહેદના પુરાવાનુ કોઈ મહત્વ રહેતુ નથી, આ સાહેદનો પુરાવો આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે અર્થહીન બની રહે છે.

(૨૧) આ કામે સાહેદ નં.૧૫ ના ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારીએ તેઓના રૂબરૂ ફરીયાદીની ફરીયાદ લઇ, ગુનો દાખલ કરવા પી.એસ.ઓ.ને

રિપોર્ટ આપેલ તે પી.એસ.ઓ.મહેશભાઈ કાળુભાઈ પટેલને સાહેદ નં.૧૩ તરીકે આંક-૩૦ થી ફરીયાદ પક્ષે તપાસેલ છે, તેઓનો પુરાવો વંચાણે લેતા, સપ્ટેમ્બર-૨૦૧૩ માં તેઓ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન તા. ૦૨.૦૯.૨૦૧૩ નાં રોજ તેમની ફરજ સવારે ૮-૦૦ થી ૧૪-૦૦ સુધી હતી અને કલાક ૧૨-૪૫ વાગે તેમના પી.આઈ.શ્રીએ ફરીયાદી રેહાનાબીની નોંધેલ ફરીયાદ સાહેદને આપતા, તેની તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ જે સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલ સાહેદ કોર્ટમાં લાવેલા, જે સદર ફરીયાદ અનુક્રમ નં. ૨૨ થી તેમના હસ્તાક્ષરમાં નોંધેલાનુ કહી સદર અનુક્રમ નં.૨૨ ની નોંધમાં તેમના હસ્તાક્ષર હોવાનુ ઓળખી બતાવી સદર નોંધ તેમના પુરાવા દરમ્યાન આંક-૩૧ થી રજુ રાખેલ છે.

સાહેદે આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ સૂચનને ઈન્કારેલ છે કે, પી.આઈ. સાહેબનાં કહેવાથી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવામાં આવે છે.

સાહેદે એ કથનને માનેલ છે કે, પી.આઈ. સાહેબની સૂચનાનું તેઓએ પાલન કરવું પડે, ફરીયાદ થઈ ગયા બાદ સ્ટેશન ડાયરીમાં તેનો ઉતારો કરવામાં આવે છે, સ્ટેશન ડાયરીમાં પી.આઈ. સાહેબની સહી લેવામાં આવે છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ ફરીયાદીની ફરીયાદ આધારે સ્ટેશન ડાયરીમાં ગુનો નોંધેલ હોવાનુ ફલીત થાય છે.

(૨૨) ફરીયાદ પક્ષે બીજા તપાસ કરનાર અધિકારી ખેંગારજી ચતુરજી રાજપૂતને સાહેદ નં.૧૪ તરીકે આંક-૩૨ થી તપાસેલ છે, તેમના પુરાવા મુજબ તા.૨૧.૦૯.૨૦૧૩ નાં રોજ તેઓની પોલીસ ઈન્સ્પેકટર તરીકે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં બદલી થતા હાજર થયેલ અને સલાબતપુરા પોલીસ સ્ટેશનનાં ફર્સ્ટ ગુ.ર.નં. ૧૬૫/૨૦૧૩, ઈ.પી.કો. કલમ ૩૦૭, ૩૨૪, ૩૨૩ વિગેરેનાં ગુનાની તપાસ પોલીસ ઈન્સ્પેકટર શ્રી શુકલ પાસેથી તેઓએ

સંભાળેલાનુ કહી તેઓએ તપાસ દરમ્યાન કબજે કરેલ મુદામાલ તપાસણી અર્થે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં મોકલી આપેલાનુ, નાંસતા ફરતા આરોપી નીસારભાઈ લાઈટવાલા અંગે સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ વોરંટ કોર્ટમાંથી મેળવેલાનુ, પકડાયેલ આરોપીનુ મુદત અંદર પુરતા પુરાવા હોય, ચાર્જશીટ કરવામાં આવેલાનુ, બાદમાં નાંસતા ફરતા આરોપી નીસારભાઈ લાઈટવાલા આગોતરા જામીન અરજી રજુ થતાં, અટક કરી જામીન ઉપર મુક્ત કરેલાનુ, ગુનામાં વપરાયેલ હથિયાર પંચનામાની રૂએ કબજે કરેલાનુ અને મુદત અંદર કોર્ટમાં ચાર્જશીટ કરેલાનુ કહી આરોપી નીસાર લાઈટવાળાને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. વધુમાં સાહેદે નિ.૧૦/૧૧ વાળુ પંચનામુ કોર્ટ રૂબરૂ જોઈ તેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે તેમની સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવી સદર પંચાનામુ આંક-૩૩ થી તથા નિ. ૧૦/૨૩ થી નિ. ૧૦/૨૬ સુધીના દસ્તાવેજી  પુરાવાઓ જોઈ જે એફ.એસ.એલ.ની પહોંચો અને એફ.એસ.એલ. નાં અહેવાલો હોવાનુ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવી સદર દસ્તાવેજી પુરાવાઓ તેમના પુરાવા દરમ્યાન આંક-૩૪ થી આંક-૩૭ સુધી રજુ કરેલ તેમજ આ કામે નાંસતા ફરતા આરોપી નાસીર શેખ મળી આવતા, સદર આરોપીનુ પૂરવણી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલાનુ જણાવેલ છે.

આ સાહેદની આરોપીઓ તર્ફેની ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, આ કેસની આગળની તપાસ શુકલ સાહેબે કરેલી.

સાહેદે  એ સૂચનને ઈન્કારેલ છે કે, નાસીર અહેમદ સામે પુરતા પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ, મુદ્દામાલ નાસીર અહેમદે રજૂ કરેલ ન હતો.

આ સાહેદના પુરાવાથી આ સાહેદે આ ગુનાના કામે અમુક તપાસ કરેલ હોય તેઓએ કરેલ તપાસની કાર્યવાહીને સમર્થન આપે તે સ્વાભાવીક છે, પરંતુ તેઓએ કરેલ તપાસની ફરીયાદી પક્ષે તપાસેલ અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળવુ જાઈએ જે મળેલ નથી, જેથી સાહેદ પોલીસ સાહેદ હોય તેમજ રસ ધરાવતા સાહેદો હોય તેઓના એકલાનો પુરાવો ગ્રાહ્ય રાખી આરોપીઓ

ગુનામાં સંડોવાયેલ હોવાનુ અનુમાન થઈ શકે નહી.

(૨૩) ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવામાં એફ.એસ.એલ. નો બાયોલીજીકલ પૃથ્થકરણ અહેવાલ આંક–૩૬ તથા સીરોલોજીકલ અહેવાલ આંક–૩૭ થી રજુ થયેલ છે. જેમાં નમુનો "K1–1,K1–2,K2–1 " ઈજા પામનારઓ અનુક્રમે સાદીક, મહમંદ હુસેન, મોસીનના લોહી તરીકે દર્શાવેલ છે, જે સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે, નમુનો "L1–1,L1–2,L2–2" આરોપીઓના લોહી તરીકે દર્શાવેલ છે, જે સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "B" જુથનુ લોહી છે, નમુનો "C1,2" ઈજા પામનાર સાદ્દીકના કપડા છે, જે નમુનાઓ ઉપર રૂધિરની હાજરી મળેલ છે, જે રૂધિર સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે, નમુનો "D1,2" ઈજા પામનાર મો.હુસેન ઈકબાલ પઠાણના કપડા છે, જે નમુનાઓ ઉપર રૂધિરની હાજરી મળેલ છે, જે રૂધિર સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે, નમુનો "E1,2" આરોપી નં.૧ નાકપડા છે, જે નમુના પૈકી E1 ઉપર રૂધિરની હાજરી મળેલ છે, જે રૂધિર સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે, નમુનો "F1,2" આરોપી નં.૨ ના કપડા છે, જે નમુનાઓ ઉપર રૂધિરની હાજરી મળેલ છે, જે રૂધિર સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે, નમુનો "I1,2" આરોપી નં.૩ ના કપડા છે, જે નમુના પૈકી E1 ઉપર રૂધિરની હાજરી મળેલ છે, જે રૂધિર સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે, નમુનો "G,H,J" ત્રણ ચપ્પુ ઉપર રૂધિરની હાજરી મળેલ છે. જે પૈકી નમુનો "G,J" ઉપરનુ રૂધિર સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે, પરંતુ નમુનો "H" ચપ્પુ ઉપર લોહી કયા જુથનુ હતુ, તે અનિર્ણિત હોવાનુ સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલમાં જણાવેલ છે, નમુનો "A,B" ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ લોહીવાળુ રૂ નુ પુમડુ જેના ઉપર રૂધિરની હાજરી

મળેલ છે. જે રૂધિર સીરોલીજી પૃથ્થકરણ અહેવાલ મુજબ "O" જુથનુ લોહી છે,

આમ, સાંયોગીક પુરાવાનુ વિશ્લેષણ કરતા ઈજા પામનારનુ લોહી "A" જુથનુ લોહી છે, આરોપીઓનુ લોહી "B" જુથનુ લોહી છે, ઈજા પામનારના કપડા ઉપરનુ લોહી "A" જુથનુ લોહી છે યાને ઈજા પામનારનુ પોતાનુ લોહી છે, ત્યારે ઈજા પામનારને ઈજા થયેલ હોય ઈજા પામનારના કપડા ઉપર તેનુ પોતાનુ લોહી હોય તે સ્વાભાવીક છે.

આરોપીઓના કપડા ઉપર "O" જુથનુ લોહી મળી આવેલ છે, જે "O" જુથનુ લોહી ઈજા પામનારનુ છે, તેવી જ રીતે મુદ્દામાલ  બે ચપ્પુ ઉપર લોહી મળી આવેલ છે, તે પણ "O" જુથનુ ઈજા પામનારની લોહી મળી આવેલ છે. વધુમાં નમુનો "H" ચપ્પુ ઉપર લોહી મળી આવેલ છે પરંતુ તે લોહી કયા જુથનુ હતુ, તે અનિર્ણિત છે.

ગુનાવાળી જગ્યાએથી લીધેલ લોહીવાળા રૂના પુમડા ઉપર રૂધિરની હાજરી મળી આવેલ છે, તે પણ "O" જુથનુ ઈજા પામનારની લોહી મળી આવેલ છે.

ઉપર એફ.એસ.એલ.નાં બાયોલોજી તથા સીરોલાજી અહેવાલની ચર્ચા કર્યા મુજબ ઈજા પામનારના, આરોપીઓના કપડા ઉપર, મુદ્દામાલ બે ચપ્પુ ઉપર તથા ગુનાવાળી જગ્યાએથી લીધેલ બંને કોટન થ્રેડ ઉપર "O" જુથનુ ઈજા પામનારનુ લોહી મળી આવેલ છે અને તે રીતે સાંયોગીક પુરાવાથી આરોપીઓએ, ઈજા પામનારને મુદ્દામાલ હથીયારથી ઈજાઓ કરી હોય તેવુ જણાય આવે છે. પરંતુ સાંયોગીક પુરાવાને પણ મૌખીક પુરાવાનુ સમર્થન મળવુ આવશ્યક અને જરૂરી છે, જે મળતુ નથી. કારણે આ કામે અગત્યના અને મહત્વના સાહેદ ફરીયાદી તથા અન્ય બે નજરે જોનાર સાહેદોએ બનાવની હકીકત માનેલ નથી, જેથી આ ગુનાના આરોપીઓએ બનાવમાં ઈજા પામનારને ચપ્પુથી ઈજાઓ કરેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે રેકર્ડ

ઉપર લાવી શકેલ નથી. વધુમાં તહોમતનામા મુજબ આરોપી શેખ નિશાર લાઇટવાલાએ સાહેદ નં.૨૩ ના કપાળના ભાગે ફટકાથી ઈજા કરેલ હોવાનો ઉલ્લેખ છે, પરંતુ તેવો ફટકો કબજે લઇ તપાસ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ હોય અને તેનુ પૃથ્થકરણ થયેલ હોય તેવુ એફ.એસ.એલ.ના બાયોલાજી તથા સીરોલોજી અહેવાલથી જણાય આવતુ નથી. જેથી આરોપી નિશાર લાઇટવાલાએ સાહેદ નં.૨૩ ને તેવી ઈજા કરી હોવાની હકીકત પણ શંકા ઉપજાવે છે. જે સંજોગોમાં સાંયોગીક પુરાવાની મહત્વતામાં ખૂબ જ ન્યુનતા આવે છે અને તેથી સાંયોગીક પુરાવો અર્થહીન બનતો હોવાનુ અનુમાન તારવી શકાય, અને તે રીતે સાંયોગીક પુરાવાને ગ્રાહ્ય રાખી આરોપીઓને આ ગુનામાં સંડોવવા યોગ્ય, વ્યાજબી અને ન્યોયોચિત ગણી શકાય નહી.

(૨૪) ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જોતાં આંક–૧૨,૧૫,૧૮, ૨૦,૨૪ વાળા પંચનામાઓ રજુ થયેલ છે, પરંતુ ઉપરોકત પંચનામાઓની હકીકતને સદર પંચનામાઓના સાહેદોએ કોર્ટ રૂબરૂના પુરાવામાં સમર્થન આપેલ ન હોવાથી સદર પંચનામાઓ પુરવાર થયેલા માની શકાય નહી, ફરીયાદ પક્ષે આંક–૩૩,૩૨,૪૩ ના પંચનામા તપાસ કરનાર અધિકારીએ તેમના પુરાવા દરમ્યાન રજુ રાખેલ છે, પરંતુ તેવા પંચનામાના પંચ સાહેદોને તપાસેલ ન હોય, તેવા પંચનામા પુરવાર થયેલા માની શકાય નહી. તેવી જ રીતે તપાસ કરનાર અધિકારીએ તેમના પુરાવા દરમ્યાન આંક–૪૫ થી ૫૦ સુધીના મેડીકલ સર્ટીફિકેટો રજુ રાખેલ છે, જેમાં ઈજા પામનારાઓ પૈકી આંક–૪૫ થી મહમદહુસેન ઇકબાલ પઠાણ તથા આંક–૪૬ શેખ સાદ્દીક ગફ્ફારનુ સ્મીમેર હોસ્પીટલનુ તથા આંક–૪૭ થી શેખ સાદ્દીક શેખ ગફ્ફારનુ હલિમા જનરલ હોસ્પીટલના મેડીકલ સર્ટીફિકટો રજુ કરેલ છે, પરંતુ તેવા મેડીકલ સર્ટીફિકેટો આપનાર મેડીકલ ઓફીસરને ફરીયાદ પક્ષે તપાસેલ નથી.

જેથી ઈજા પામનારાઓને સદર મેડીકલ સર્ટીફિકેટોમાં દર્શાવ્યા મુજબની ઈજાઓ થયેલ હોવાનુ ફલીત થતુ નથી. વધુમાં આંક–૪૮ થી આંક–૫૦ સુધી આરોપી સમીર, સાકીર તથા બસીર શેખના MLC સર્ટીફિકેટો રજુ કરેલ છે, પરંતુ તેવા મેડીકલ સર્ટીફિકેટો આપનાર મેડીકલ ઓફીસરને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. જેથી ઈજા પામનારાઓને સદર મેડીકલ સર્ટીફિકેટોમાં દર્શાવ્યા મુજબની ઈજાઓ થયેલ હોવાનુ ફલીત થતુ નથી. તે સંજોગોમાં આરોપીઓએ આ ગુનો આચરેલ હોવાનુ પણ ફલીત થતુ નથી. વધુમાં મૌખીક પુરાવો જોઈએ તો ફરીયાદ લેનાર અધિકારી અને  ત.ક. અમલદારને સાહેદ નં.૧૨, ૧૪,૧૫ તરીકે આંક–૨૯,૩૨,૪૦ થી તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીથી ફરીયાદ હકીકતને તથા તપાસની કાર્યવાહીને સમર્થન કરેલ છે તથા પંચનામાની કાર્યવાહીને સમર્થન આપેલ છે. પરંતુ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોઈ એકલા ત.ક. અમલદારના પુરાવા આધારે પંચનામા પુરવાર થયેલ માની શકાય નહી તેવી જ રીતે અગત્યના અને મહત્વના સાહેદો એવા ફરીયાદી, બનાવના નજરે જોનાર સાહેદો કે જેઓ ઈજા પામનારના નજીકના સગા  છે, રસ ધરાવતા સાહેદો છે તેવા સાહેદ નં.૬, ૯,૧૦ નાએ પણ ફરીયાદ હકીકતને તથા પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન ન આપી, બનાવની હકીકત ન માની ઉપરોકત ત્રણે તપાસ કરનાર અધિકારીશ્રીઓ પોલીસ સાહેદો છે, રસ ધરાવતા સાહેદો છે, તેઓના પુરાવાને સમર્થન આપેલ નથી. જેથી એકલા પોલીસ સાહેદ અને રસ ધરાવતા સાહેદોના પુરાવાથી આરોપીઓએ આ ગુનો આચરેલ હોવાનુ માની શકાય નહી. હવે, તહોમતનામાની હકીકત લક્ષમાં લેતાં આરોપીઓએ ઈજા પામનારાઓને ઈજાઓ પહોચાડેલ છે. પરંતુ મૌખીક પુરાવો લક્ષમાં લેતાં અગત્યના અને મહત્વના સાહેદ એવા ફરીયાદી, તથા નજરે જોનાર સાહેદ નં.૯,૧૦ ના યાને ઈજા પામનારના નજીકના સગાં હોવા છતાં સદર સાહેદોએ કોર્ટ રૂબરૂ જે પુરાવો આપેલ છે, તેમાં તેઓએ ફરીયાદ હકીકતને લેશમાત્ર

સમર્થન આપેલ ન હોય, ત્યારે અગત્યના અને મહત્વના સાહેદ ફરીયાદી ફરીયાદ હકીકતને અને બનાવની હકીકતને સમર્થન આપતા નથી. જેથી આરોપીઓ આ ગુનો આચરેલ હોવાનુ ફલીત થતુ નથી, તેવી જ રીતે અન્ય નજરે જોનાર સાહેદો પણ બનાવની હકીકતને તથા તેઓના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. આમ, અગત્યના અને અતિ મહત્વના સાહેદ એવા ફરીયાદી તથા નજરે જોનાર સાહેદો તેમના પુરાવાથી ફરીયાદ હકીકતને તથા પોલીસની કાર્યવાહીને સમર્થન આપેલ ન હોય ફરીયાદ હકીકત મુજબનો બનાવ બનેલ હોવાની હકીકત ફલીત થતી નથી. ઉલ્ટાનુ આ અગત્યના અને મહત્વના સાહેદ ફરીયાદીએ આરોપીઓ તર્ફેની ઉલટ તપાસમાં આરોપી નીસારભાઈ સાથે સારા સંબંધો હતા અને ફરીયાદીએ પુરાવો આપ્યો ત્યારે પણ હતા તેમ જણાવી તેમના ઘરથી થોડે દૂર એકસીડન્ટ થયેલ તે દરમ્યાન સાદ્દીક, મોહસીન અને મહંમદ હુસેનને ઈજા થયેલાનુ અને એકસીડન્ટ બાબતની ફરીયાદ હતી અને તેઓની સહી કોઈક ફરીયાદ ઉપર લેવામાં આવેલી તેમાં શું લખેલ તેની તે સમયે તેઓને માહીતી ન હોવાનુ કહી ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. જેથી આ સાહેદોના પુરાવાથી ફરીયાદ મુજબનો બનાવ બનેલ હોવાનુ ફલીત થતુ ન હોય આરોપીઓએ આ ગુનો આચરેલ હોવાનુ સ્પષ્ટ થતુ નથી.

(૨૫) આમ, ફરીયાદ પક્ષે જે મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે, તેનુ વિશ્લેષણ કરતાં તહોમતનામા મુજબ બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીઓએ છ એક મહીના પહેલા દરગાહ પાસે બાકડો (બેંચ) રાખવા બાબતેના ઝઘડા–તકરારની અદાવત રાખી, એકબીજાને મદદગારી કરી, મહોલ્લામાં મસ્જીદ પાસે તા.૦૨.૦૯.૨૦૧૩ ના સવારના કલાક ૧૦.૩૦ થી ૧૧.૦૦ વાગેના સુમારે ફરીયાદીના ભાઈ સાહેદ નં.૨૫ ના મિત્ર સાહેદ નં.૨૬ ની સાથે આરોપી સમીરે ઝઘડો–તકરાર કરતા,ફરીયાદીનો ભાઈ

સાહેદ નં.૨૫ નાઓ છોડાવવા વચ્ચે પડતાં આરોપી સમીરે "તુમ દોનો કો છોડુંગા નહી, માર ડાલુંગા, મેં અભી આતા હું" તેમ કહી,પોતાના ઘરે જઇ પોતાના પિતા આરોપી શેખ બસીરની સાથે પોતાના હાથમાં ચપ્પુ લાવી, ફરીયાદીના ભાઇ સાહેદ નં.૨૬ ને જીવલેણ ઘા મારતાં, તેવામાં આરોપી સાકીર શેખ નાએ હાથમાં ચપ્પુ લઇ આવી સાહેદ નં.૨૬ને જીવેલણ ઘા મારવા લાગેલ અને ધમકીઓ આપેલ અને સાહેદ નં.૨૪ તથા ૨૬ નાઓને બચાવવા પડેલ સાહેદ નં.૨૩ નાઓને કપાળના ભાગે આરોપી શેખ નિશાર અહેમદ ઉર્ફે નિશાર લાઇટવાલાએ ફટકો મારી ઈજા કરેલ હોવાનુ બીઓન ડાઉટ રેકર્ડ ઉપર ફરીયાદ પક્ષ લાવેલ નથી. તે સંજોગોમાં આરોપીઓએ આ ગુનો આચરેલ હોવાનુ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં સંદતર નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીઓ સામેનો ઇ.પી.કો.કલમ-૩૦૭,૩૨૪,૩૨૩,૫૦૬(૨), ૧૧૪ અન્વયેનો આક્ષેપ પુરવાર થયેલ નથી, ત્યારે આરોપીઓએ ચપ્પુ તથા ફટકો ધારણ કરી મે. પોલીસ કમીશ્નરશ્રીના, હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવુ પુરવાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં પણ રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લઇએ તો ફરીયાદ પક્ષે બનાવની તારીખે, સમયે અને સ્થળે તેવુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમાં હતુ, તેવુ હથીયારબંધીનુ જાહેરનામુ રજુ કરેલ છે, પરંતુ તેવા હથીયારબંધીના જાહેરનામા ના સમર્થન માટે સદર હથીયારબંધીના જાહેરનામા સંબંધીત અધિકારીને તપાસેલા ન હોઇ તેવુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમાં હતુ તેવુ પુરવાર થતુ નથી. તેથી આરોપીઓ વિરૂઘ્ધનો હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે, તેવો આક્ષેપ પણ પુરવાર થતો નથી. માટે, આરોપીઓ વિરૂઘ્ધ તહોમતનામા મુજબનો પુરાવો આવતો ન હોય આરોપીઓને કસુરવાન ઠરાવી શકાય નહી. જેથી ઉપર કરેલ ચર્ચા, કેસની હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવાઓનું ઉંડાણપૂર્વકનુ વિશ્લેષણ જોતાં અત્રેની કોર્ટ એવા તારણ ઉપર આવેલ છે કે, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

જેથી મુદ્દા નં.૧,૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ નો જવાબ આખરી હુકમ મુજબ આપું છું.

(૨૬) **મુદ્દા નં.૩:–**

ઉપર કરેલ ચર્ચાના પરીણામ સ્વરૂપ મુદ્દા નં.૩ નો જવાબ આખરી હુકમ મુજબ આપું છું.

## –:: આખરી હુકમ ::–

આ કામના સેશન્સ કેસ નં.૧૧૬/૧૫ ના આરોપી શેખ નિશાર અહમદ ઉર્ફે નિશાર લાઇટવાલા તથા સેશન્સ કેસ નં. ૧૫૭/૧૫ ના આરોપી નં. (૧) સમીર બસીર શેખ (૨) સાકીર બસીર શેખ (૩) શેખ બસીર શેખ નજીર શેખ નાઓને સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ–ગુના રજી. નં.૧૬૫/૨૦૧૩, ઈ.પી.કો. કલમ–૩૦૭,૩૨૪,૩૨૩,૫૦૬(૨) ૧૧૪, ૧૮૮ મુજબના શિક્ષા ને પાત્ર ગુના સબબ, પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૪૩૭એ મુજબ આરોપીઓ અપીલ થવાના પ્રસંગે એપેલન્ટ કોર્ટ સમક્ષ હાજર રહેશે, તેવી ખાત્રી માટે પ્રત્યેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજારના) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવાનો રહેશે.

અપીલ સમય વિત્યે મુદ્દામાલનો નાશ કરવો.

આ હુકમ આજ તારીખઃ ૨૭ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૧૮ ના રોજ ખુલી અદાલત મધ્યે મારી સહી કરી, વાંચી,સંભળાવી ઘોષિત કરવામાં આવ્યો.

તા.૨૭–૦૨–૨૦૧૮. (કુ. ગીતા ગોપી)
સુરત. સત્ર ન્યાયાધીશ, સુરત.
Code No. G.J.00904

મે. સુરતના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
સાહેબની કોર્ટમાં

**<u>સેશન્સ કેસ નંબર : ૧૧૬–૧૫૭/૨૦૧૫</u>**

**<u>ફરીયાદી</u>** :– ધી સ્ટેટ ઓફ ગુજરાત

વિરૂધ્ધ.

**<u>આરોપીઓ</u>** :– શેખ નિશાર અહમદ ઉર્ફે નિશાર લાઇટવાલા + ૩

સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ–ગુના રજી. નં.૧૬૫/૨૦૧૩

<u>ઈ.પી.કો.કલમ– ૩૦૭,૩૨૪,૩૨૩,૫૦૬(૨) ૧૧૪, ૧૮૮ મુજબ</u>

<u>જજમેન્ટ જાહેર થયા તા.૨૭–૦૨–૨૦૧૮.</u>